# મીરા અને ભક્તિયુગ

- બકુલભાઈ બક્ષી
જાણીતા ઈતિહાસવિદ્, કટારલેખક



ભારતના ઈતિહાસમાં મધ્યયુગનો એક સમય ભક્તિયુગ તરીકે ઓળખાય છે. આ એ સમય હતો જ્યારે આપણે ત્યાં શુદ્ધ ભક્તિની પરંપરાને નવું જોમ મળ્યું હતું. એ સમયે વિદેશથી પણ આ પ્રકારની વિચારધારાનું આગમન થયું જે સૂફિ સંપ્રદાયના નામે ઓળખાય છે. આપણી ભૂમિ પર આ બંને વિચારધારાઓનો સમન્વય થયો જે આજે ભક્તિયુગના નામે જાણીતો છે. મીરાના સમર્પણને પણ આ સમય સાથે જોડી શકાય છે. આ સમય ભક્તિના માધ્યમથી ઈશ્વરના સંપૂર્ણ સમર્પણની ભાવના વ્યક્ત કરે છે. મીરાની ભૂમિકાને આ ઐતિહાસિક પરિવેશમાં સમજવાની જરૂર છે.

સૂફિ સંતો મૂળ તૂર્કિથી આવ્યા હતા. ત્યાંની ભાષામાં ''સૂફ''નો અર્થ હતો ઊન. આ સંતો ઊનનાં સફેદવસ્ત્રો ધારણ કરતા હોવાથી સૂફિ કહેવાયા. એમનો મૂળ સિદ્ધાંત હતો 'ફના' (સમર્પણ). પોતાની ભાવના અને શ્રદ્ધાથી સર્જનહાર સાથે એમણે એવો સમન્વય સાધ્યો કે સુધબુધ ખોઈ નૃત્યમાં તલ્લીન થઈ જતા. બંગાળના ચૈતન્યમહાપ્રભુને પણ નૃત્યના માધ્યમથી જ પ્રભુનો અનુભવ થયો હતો. મીરા લખે છે- '' પગ, ઘુંઘરૂ બાંધ મીરા નાચી રે'' આ કોઈ સામાન્ય નૃત્ય નહોતું પણ ઈશ્વરની ભક્તિમાં મીરાં એ માનસિક સ્થિતિમાં પહોંચી ગઈ હતી જ્યાં નૃત્ય સહજ થઈ ગયું હતું.

આ સંતોની બંદગી કે પ્રાર્થનાનું મુખ્ય માધ્યમસંગીત હતું. મંદિરમાં જે સ્થાન ભજન-કિર્તનનું હતું તે જ સ્થાન સૂફિઓની દરગાહોમાં કવ્વાલીનું હતું. મીરાએ પણ ભજનના માધ્યમદ્વારા સમર્પણની ભાવના વ્યક્ત કરી. ''મેરે તો ગિરધર ગોપાલ, દુસરો ન કોઈ'' મીરાએ પોતાની વાત શબ્દોના આડંબર વિના સરળ લોકવાણીમાં કહી. આટલાં વર્ષો પછી આજે પણ રાજસ્થાનમાં લોકગીતોમાં મીરાની વાણી જીવંત રહી શકી છે. કબીર અને રહીમના દોહાઓમાં પણ કોઈ સંપ્રદાયની નહીં પણ માનવસેવાની વાત છે જે દિલને અસર કરી જાય છે.

રાણાજીએ મોકલેલો વિષનો પ્યાલો મીરા પી ગઈ. તાર્કિક બુદ્ધિથી વિચારીએ તો વિષ એટલે જીવનનો અંત. અહીં રાણાજી સાથેના સામાજિક સંબંધોને વિષના પ્રતીકરૂપે રજૂ કરાયા છે. મીરા આ બંધનોથી મુક્ત થઈ ચૂકી હતી માટે આ વિષની કાંઈ જ અસર ન થઈ. મીરા સમર્પણ કે ફનાની એ સ્થિતિમાં પહોંચી ગઈ હતી જેને આપણા શાસ્ત્રોમાં અદ્વૈતવાદ કહેવાય છે. આવી સ્થિતિમાં સુખ અને દુ:ખનો ભેદ મટી જાય છે.મીરાએ ખરા અર્થમાં એના ભજનો દ્વારા ભક્તિયુગની ભાવનાને સાર્થક કરી છે.





ભક્ત કવયિત્રી

# મીરા

ગોલોકથી ક્યારેક-ક્યારેક
કૃષ્ણસખીઓ
આ પૃથ્વીલોકને કૃષ્ણપ્રેમથી
પાવન કરવા આવતી હોય છે.

આ કૃષ્ણસખીઓમાં
શ્રીરંગમ્‌માં પ્રગટેલાં આંડાલ,
કાશ્મીરમાં પ્રગટેલાં લલ્લેશ્વરી,
કર્ણાટકમાં પ્રગટેલાં મહાદેવી અક્કા
વગેરે નોંધનીય છે.

પરંતુ
એ સૌમાં
લગભગ રાધા જેટલું જ માન-આદર પ્રાપ્ત કરનાર
સખી શિરોમણિ હોય તો
તે છે - મીરા.
કહેવાય છે કે મીરા ભક્તિનો સદેહ અવતાર હતાં.



**पायो रि मैंने राम रतन धन पायौ ।**
**वस्तु अमोलक दी मेरे सतगुरु**
**करि किरपा अपणायौ ॥**
**जनम जनम की पूंजी पाई**
**जग में सबै खोवायौ ।**
**खरचे नहि कोई चोर न लेवै**
**दिन दिन बढ़त सवायौ ।**
**सत की नाव खेवटिया सतगुरु**
**भवसागर तरि आयौ ।**
**मीरा के प्रभु गिरिधर नागर**
**हरखि हरखि जस गायौ॥**

ભક્ત કવયિત્રી

# મીરા

પ્રકાશક :
સંસ્થા માહિતી વિભાગ,
વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

ઉપક્રમ :
ગાંધીબુદ્ધ સ્વાધ્યાયકેન્દ્ર આયોજિત
'મીરા જીવન કવન પ્રકલ્પ વર્ષ'
(૨૦૦૭-૦૮)

સંકલન :
દીપક જોષી,
મ.શિ., શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર

ભાનુપ્રસાદ રાવલ,
સંયોજક, ગાંધીબુદ્ધ સ્વાધ્યાય કેન્દ્ર

2004-05 : ભગવાન બુદ્ધ

2005-06 : સ્વામી વિવેકાનંદ

2006-07 : રવીન્દ્રનાથ ટાગોર

2007-08 : મીરા

2008-09 : સંત કબીર

Vidyamandir Trust, Palanpur
Taleybaug, Palanpur-385 001
Dist. Banaskantha (N Gujarat)
Tel: (02742) 250215
Fax: (02742) 265139
Email: centraloffice@vidyamandir.org
Web:www.vidyamandir.org



## પ્રાક્કથન

હસમુખ મોદી,
કાર્યકારી નિયામક, વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર.

વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર સંચાલિત ગાંધી-બુદ્ધ સ્વાધ્યાય કેન્દ્ર પ્રતિવર્ષ કોઈ એક મહાનુભાવના જીવનચરિત્રને કેન્દ્રમાં વિવિધ પ્રવૃત્તિઓ યોજે છે. માનવજીવનના પથપ્રદર્શક આ મહાનુભાવોનો જીવનસંદેશ આપણા પ્રત્યેક વિદ્યાર્થી - અભિભાવક સુધી પહોંચે તેમજ આપણા સૌનું જીવન ઉન્નત બને એવા શુભઆશય સાથે આ કેન્દ્ર કાર્યરત છે.

ટ્રસ્ટ સંચાલિત તમામ સંસ્થાઓના વિદ્યાર્થીઓ આ કેન્દ્ર આયોજિત વિવિધ સ્પર્ધાઓ, પ્રવચનો, વાર્તાલાપો વગેરેમાં જોડાય છે. શાળા સ્તરે વિવિધ પ્રવૃત્તિઓ યોજીને આ મહાનુભાવોનાં જીવન કાર્યોની સુવાસ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે છે. શાળાની પ્રાર્થના સભાઓમાં નિયમિત આ મહાનુભાવના જીવનપ્રસંગોનું કથન કરવામાં આવે છે. મહાનુભાવોના જીવનચરિત્ર પર આધારિત ફિલ્મ, નૃત્યનાટિકા વગેરેનું દર્શન વિદ્યાર્થીઓ માટે રોચક અને પ્રેરણાદાયી બની રહે છે.

શાળામાં પ્રતિવર્ષ યોજાતા રંગોત્સવમાં પણ આ મહાનુભાવને કેન્દ્રમાં રાખી વિશિષ્ટ કૃતિઓની રજૂઆત કરવામાં આવે છે. જીવનચરિત્ર પર આધારિત ક્વિઝ, લેખિત પરીક્ષાનું આયોજન પણ કરવામાં આવે છે.

અત્યાર સુધી આ કેન્દ્ર દ્વારા ગાંધીજી, સરદાર પટેલ, મહાવીર સ્વામી, ભગવાન બુદ્ધ, સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોર, મીરાબાઈ જેવાં મહાનુભાવોનો જીવનસંદેશ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ. વર્ષ ૨૦૦૮-૦૯ સંત કબીર વિશે પ્રવૃત્તિઓ યોજીશું.

આપણા ટ્રસ્ટના પૂર્વ મદદનીશ નિયામકશ્રી ગોદડભાઈ સાગરાસણિયાનું માર્ગદર્શન આ કેન્દ્રની પ્રવૃત્તિઓમાં સતત મળતું રહે છે.

આ પ્રવૃત્તિઓ ઉપરાંત, કોઈ મહાનુભાવના જીવનચરિત્રને નાની પુસ્તિકારૂપે આપ સૌના સુધી પહોંચાડવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે. આશા છે કે કેન્દ્રનો આ પ્રયાસ આપ સૌને ગમશે.

## વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત મીરા - ચિત્રકૃતિ



માનસી શાહ
શ્રીમતી એમ. એમ. મહેતા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ



આરુષી મહેતા
શ્રીમતી એમ. એમ. મહેતા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ

શામળિયા ! શામળિયા હો ગિરિધારી !
શામળિયા ! તું તો ઓખામંડળનો વાસી.

હું તો તારી દાસી હો...ગિરિવરધારી !
શામળિયા ! તારે મસ્તક મુગટ બિરાજે,
ઉપર છોગાં છાજે હો.

શામળિયા ! તારે કટી પીતાંબર છાજે,
સબળી મોકલી બાજે હો.

શામળિયા ! તું તો ગોપિયાં સંગે રમતો,
એઠું જૂઠું જમતો હો.

શામળિયા ! તુને જમનાની તીરે દીઠો,
સબળો લાગે મીઠો હો.

શામળિયા ! તારી માયામાં વિશ્વ ડોલે,
બ્રહ્મા સરખા ભૂલે હો.

શામળિયા ! તું તો વનરાવન ગૌ ચારે,
તુને દેખી નયણાં ઢાળે હો.

શામળિયા ! બાઈ મીરા દાસી તમારી,
જાય છે બલિહારી હો.



શિવાની પોલરા
શ્રી સી. કે. મહેતા પ્રે. શાળા



દર્શિતા ચૌહાણ
શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર

## વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત મીરા - ચિત્રકૃતિ



મિતલ ચૌધરી
શ્રી જૈન શિશુશાળા



મૈયુદ્દીન શેખ
મા શ્રવણવાણી મૂકબધિર વિદ્યાલય


અબોલા શીદ લો છો, મારા રાજ,
પ્રાણજીવન પ્રભુ મારા ?
અમે તો તમારાં, તમે તો અમારા,
ટાળી દોષ શીદ દો છો રે?
અમે તો તમારી સેવા કરિયે,
સુખ લેઈને દુ:ખ દો છો રે.
જેણે પોતાની માસી મારી,
તેનો શો વિશ્વાસ રે ?
અમૃત પાઈને ઉછેર્યાં, વ્હાલા!
વિખડાં ઘોળી શીદ પાઓ છો રે?
ઊંડા કૂવામાં ઊતાર્યાં, વ્હાલા!
વરત વાઢી શું જાઓ છો રે ?
બાઈ મીરા કે પ્રભુ ગિરિધર નાગર!
ચરણકમળ ચિત રહો છો રે.



નયના ચૌધરી
શ્રી કે. જે. મહેતા કૉલેજ ઑફ પ્રિ-પ્રાયમરી ઍજ્યુકેશન



## પૈતૃક પરિવાર



જોધપુર નગર અને રાજ્યના સ્થાપક રાવ જોધાજી રાઠોડ એક ઈતિહાસ પ્રસિદ્ધ વીર રાજવી હતા. તેમનાં ઓગણીસ પુત્રો અને એક પુત્રી જેટલાં સંતાનો પૈકી ચતુર્થ ક્રમના પુત્રનું નામ રાવ દૂદાજી હતું.

રાવ જોધાજીની આજ્ઞાથી બહાદુર રાવ દૂદાજીએ અજમેરના સૂબાના હાથ નીચે રહેલી મેડતાની જાગીર પર આક્રમણ કર્યું. તે સમયે અજમેર માળવાના શાસક મહમૂદ ખિલજીના તાબા હેઠળ હતું. રાવ દૂદાજીએ મેડતા અને તેની આજુબાજુનો વિસ્તાર જીતી લઈ પોતાના શાસનની શરૂઆત કરી.

આમ, તેમણે રાઠોડ વંશની મેડતીયા શાખાનો પ્રારંભ કર્યો. પ્રાચીન નગર મેડતાનું પુનઃનિર્માણ કરાવી દૂદાજીએ દુર્ગ, મહેલો અને ચતુર્ભુજ (વિષ્ણુ) મંદિર બંધાવ્યાં.

રાવ દૂદાજીને પાંચ પુત્રો અને એક પુત્રી હતાં. સૌથી મોટા પુત્ર વિરમદેવ અને ચતુર્થ પુત્ર રત્નસિંહ હતા. આ રત્નસિંહનાં લગ્ન ગોગુનદા ગામના શ્રી સુલતાનસિંહ ઝાલાનાં સુપુત્રી કુસુમકુંવર સાથે થયાં હતાં.

આ રત્નસિંહ અને કુસુમકુંવરબા એ જ આપણી મીરાનાં માતા-પિતા. મીરાના જન્મ પહેલાં જ તેમનાથી મોટા એવા ભાઈ ગોપાલનું અવસાન થયું હતું.

### જન્મ

મીરાના જન્મસ્થળ અને સમય અંગે બે મત પ્રવર્તે છે.

એક મત 'કુડકી'ને મીરાનું જન્મસ્થાન માને છે. સંશોધનોથી સાબિત થયું છે કે મીરાનું જન્મસ્થાન 'કુડકી' નહીં પરંતુ 'મેડતા' જ છે.

અદ્યતન પ્રમાણોથી ફલિત થાય છે કે રાવ દૂદાજીના મૃત્યુ બાદ (ઈ.સ.૧૫૧૫ પછી) જ વિરમદેવે કુડકી-બાજોલી વગેરે બાર ગામોની જાગીર મીરાના પિતા રત્નસિંહને આપી હતી, જ્યારે મીરાનો જન્મ વિક્રમ સંવત ૧૫૬૧ (ઈ.સ.૧૫૦૪)ના શ્રાવણ સુદ-૧ને બુધવારે થયો હતો.'મીરાં જનમી મેડતે, ભગતિ કરણ કલિકાલ'('મીરાબાઈ રી પરચી') પણ આ બાબતને પ્રમાણિત કરે છે.

અન્ય એક મત અનુસાર મીરાનો જન્મ વિક્રમસંવત ૧૫૫૫ના વૈશાખ સુદ ત્રીજને શનિવારના દિવસે થયો હતો. જો કે આ મતની પુષ્ટિ માટે વિશેષ આધારો નથી તેથી પ્રથમ મત જ વધુ સ્વીકૃત છે.

## ઉછેર

મીરાનું જન્મસમયે નામાભિધાન 'પેમેલ' કરાયું હતું, પરંતુ બાલ્યવયથી સૌ કોઈ તેમને મીરાના નામથી જ બોલાવતા. આ શબ્દ 'મીરા'ને કોઈ અરબી, ફારસી પરંપરા કે મીરાં સાહેબ અજમેરી સાથે કોઈ સંબંધ નથી. તે શબ્દ સંસ્કૃત અને ભારતીય પરંપરા અનુસારનો છે. મીરાનો પૈતૃક પરિવાર કટ્ટર વૈષ્ણવપંથી હતો.

મીરાની ત્રણથી ચાર વર્ષની વયમાં જ તેમનાં માતા કુસુમકુંવરનું અવસાન થયું તથા પિતાજી રત્નસિંહ યુદ્ધો અને અન્ય રાજકીય પ્રવૃત્તિઓમાં જ વ્યસ્ત રહેતા હોવાથી મીરાનો ઉછેર મહદ્અંશે દાદા - રાવ દૂદાજી, દાદી, વિરમદેવજી તથા તેમનાં પત્નીની સ્નેહાળ દેખરેખમાં થયો. વિરમદેવજીના પુત્ર જયમલજી મીરા કરતાં સ્હેજ નાના પરંતુ લગભગ સમવયસ્ક હતા. બંને ભાઈ-બહેનને ભણાવવા માટે રાવ દૂદાજીએ પંડિત ગજાધરજીને નીમ્યા હતા. આ પંડિતજીએ જ મીરાને શ્રીમદ્ ભાગવત અને અન્ય ભક્તિગ્રંથો ભણાવી તેનામાં રહેલા કૃષ્ણભક્તિના સંસ્કારને પ્રદીપ્ત કર્યા હતા.

આ ઉપરાંત વારંવાર પધારતા સાધુ-સંતો તથા રાવ દૂદાજી દ્વારા પણ મીરાનું અનૌપચારિક શિક્ષણ થયું હશે તેમ માની શકાય.

મીરાનાં પદોની સાહિત્યિકતા, ગેયતા અને રાગબદ્ધતા પરથી સહેજે અનુમાન કરી શકીએ કે મીરાએ કાવ્ય-સાહિત્ય તથા સંગીતનો પણ અભ્યાસ કર્યો હોવો જોઈએ. આ ઉપરાંત ક્ષત્રીય રાજવી પરંપરા અનુસાર તેણે શસ્ત્રાસ્ત્રની પણ થોડી તાલીમ મેળવી હતી.

## જીવન પરિવર્તન

નાનકડી મીરાના જીવન પરિવર્તન માટે નિમિત્ત બની એક નાનકડી ઘટના.

**એકવાર એક વૈષ્ણવ સાધુ દૂદાજીના મહેલમાં પધાર્યા. તેમની પાસેની તેમના ઈષ્ટદેવ ગિરિધર ગોપાલની સુંદર મૂર્તિની તેઓ વિધિવત્ પૂજા કરતા.**



**નાનકડી મીરાને આ મૂર્તિ ગમી જતાં તેમણે તે માગી. સાધુએ તે આપવાની ના કહેતાં મીરાએ હઠ કરી અન્ન-જળનો ત્યાગ કર્યો. રાવ દૂદાજીએ સાધુને બદલામાં તેવી જ સોનાની મૂર્તિ બનાવી આપવાની તૈયારી બતાવી તે છતાં સાધુ ના પાડી ચાલતા થયા.**

**મીરાને રડતી મૂકીને ગયેલા સાધુને સ્વપ્ન આવ્યું અને તેમાં ભગવાન કૃષ્ણે તે મૂર્તિ મીરાને આપી દેવા આદેશ કર્યો. સાધુ મેડતાના મહેલ પર પાછા આવ્યા અને મીરાની ક્ષમા યાચી તેનો 'ગિરિધર ગોપાલ' તેને આપી દીધો.**



## વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત મીરા - ચિત્રકૃતિ




પ્રતીક રામી
શ્રી રાજમણિ પ્રાથમિક શાળા

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા!
મુખડાની માયા લાગી.
મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું,
મન મારું રહ્યું ન્યારું રે.
સંસારનું સુખ એવું, ઝાંઝવાનાં નીર જેવું,
તેને તુચ્છ કરી ફરિયે રે.
મીરાબાઈ બલિહારી, આશા મુને એક તારી,
હવે હું તે બડભાગી રે.



ઈશા જોષી
શ્રી રાજમણિ પ્રાથમિક શાળા

પ્રેમની પ્રેમની પ્રેમની રે, મુને લાગી કટારી પ્રેમની,
જળ રે જમુનાનાં ભરવા ગ્યાં'તાં હતી ગાગર માથે હેમની.
કાચે તે તાંતણે હરિજીએ બાંધી, જેમખેંચે તેમતેમની,
બાઈ મીરા કે પ્રભુ ગિરિધર નાગર, શામળી સુરત શુભ એમની.



વેદ દવે
શ્રી આઈ. જે. મહેતા વિનયમંદિર




નિહાર ગોર
શ્રી રાજમણિ પ્રાથમિક શાળા

## ગાંધીબુદ્ધ સ્વાધ્યાય કેન્દ્ર આયોજિત પ્રવૃત્તિઓની તસવીરી ઝલક


















## કૃષ્ણભક્તિનો રંગ



બાલિકા મીરાને જાણે પોતાના જનમોજનમના સાથી- પોતાના પ્રિયતમ મળી ગયા. એના ચિત્તમાં રહેલી ભક્તિગંગા બહાર આવી અને સદૈવ વધતી તેના ધ્યેયરૂપ કૃષ્ણ-સાગર તરફ વહેવા લાગી. તે પોતાની કૃષ્ણપ્રીતિને પદો દ્વારા વ્યક્ત કરી પ્રિયવર ગિરધર નાગરને ભાવપૂર્ણ નૃત્યો દ્વારા રીઝવવા લાગ્યાં. મીરાની આંતરિક ઝંખના તેણે નાની વયે ગાયેલા નીચેના પદમાં અભિવ્યક્ત થાય છે.

**જદુવર લાગત મોહિ પ્યારો**
**મીરા કે પ્રભુ ગિરિધર નાગર**
**જીવન પ્રાણ હમારો.......જદુવર.**

## વેવિશાળ

તે સમયે ચિત્તોડની ગાદી પર બાપા રાવલના વંશજો સીસોદીયા રાજપૂતોનું શાસન હતું અને મહાપરાક્રમી-સેંકડો યુદ્ધો લડી ચૂકેલા- મહારાણા સંગ્રામસિંહ તેના રાજા હતા. મેવાડનો આ સીસોદીયા રાજવંશ એ સૌથી પ્રતિષ્ઠિત રાજવંશ હતો તથા તેમનું રાજ્ય પણ વિશાળ હતું. (નોંધ : આ સંગ્રામસિંહ તે મહારાણા પ્રતાપના દાદા થાય.) તે જ રીતે મીરાના દાદાનું કુળ પણ મેડતીયા રાઠોડ તરીકે સુપ્રતિષ્ઠિત હતું. વળી રાવ દૂદાજી અને મહારાણા સંગ્રામસિંહ અત્યંત નિકટના રાજદ્વારી અને પારિવારિક સંબંધ ધરાવતા હતા. આથી, મીરાનાં લગ્ન ચિત્તોડના યુવરાજ ભોજરાજ સાથે થાય તેવી દાદાજી શ્રી દૂદાજીની ઈચ્છા હતી. જો કે તેઓ તેમના જીવનકાળમાં આ ઈચ્છા પૂર્ણ કરી શક્યા નહીં પરંતુ તેમના મૃત્યુ પછી મેડતાની ગાદીએ આવેલા રાવ વિરમદેવે પોતાની ભત્રીજી મીરાનું વેવિશાળ મહારાણા સંગ્રામસિંહના પુત્ર કુંવર ભોજરાજ સાથે નક્કી કરાવ્યું.

આ દરમિયાન તરૂણી બની ચૂકેલી મીરા તો મનથી મોહનને વરી ચૂકી હતી અને આવા સાંસારિક બંધનમાં પડવા માગતી નહોતી. પરિવારજનોની સમજાવટને અંતે ‘અલૌકિક પતિ’ શામળીયાને છોડ્યા વિના ‘લૌકિક પતિ’ ભોજરાજ સાથે લગ્ન કરવા તે તૈયાર થઈ.

લગ્ન સમયે સસરા મહારાણા સાંગા (સંગ્રામસિંહ) દ્વારા મીરાને અંગત ખર્ચ માટે અપાયેલ જાગીરમાંથી બે ગામની હજારેક વીઘા જમીન તેણે પોતાના શિક્ષકશ્રી ગજાધરજીને ગુરુ-દક્ષિણા પેટે ભેટ ધરી દીધી. મીરા સાસરે તો આવી પણ સાથે લેતી આવી તેના ‘ગિરિધર ગોપાળ’ને. મીરાનાં લગ્ન વિક્રમસંવત ૧૫૭૩ની અખાત્રીજના દિવસે થયાં હતાં તેમ મનાય છે.

મીરાના પતિ ભોજરાજ ભલા, શાણા અને સાહિત્ય પ્રેમી હતા. મીરાની કૃષ્ણભક્તિને સમજીને તેમણે તેને સર્વ રીતે સહાય કરી. મીરાની અનુમતિથી ભોજરાજજીએ બીજાં લગ્ન કર્યાં. મીરા ભોજરાજજીને તેમનાં બીજાં પત્ની સાથે ખુશ જોઈને પોતે ખુશ થયાં અને પછી પૂર્ણ ધ્યાન કૃષ્ણભક્તિમાં પરોવ્યું.

## કૌટુંબિક જીવન- સાંસારિક સંઘર્ષ




મીરાના વત્સલ સસરા મહારાણા સંગ્રામસિંહે મીરાની મહાનતા ઓળખી ચિત્તોડમાં કુંભશ્યામના મંદિરની પાસે જ અલાયદો મહેલ બનાવી આપ્યો જે આજે 'મીરા-મંદિર' તરીકે ઓળખાય છે. (જુઓ બાજુની છબી) પરંતુ આ સુખ લાંબો સમય ચાલ્યું નહીં. સંવત ૧૫૮૦માં યુવરાજ ભોજરાજનું આકસ્મિક અવસાન થયું. એ સમયે રાજસ્થાનમાં પતિ પાછળ સતી થવાનો રિવાજ હતો પરંતુ મીરા તો પોતાને અનાદિ- અનંત ભગવાન કૃષ્ણની પત્ની અને તેથી અખંડ સૌભાગ્યવતી માનતી હતી.

**માઈ મ્હાંને સુપનામાં પરણ્યા દીનાનાથ ॥**
**સુપણાં માં મ્હારૌ પરણ ગયા, પાયાં અચલ સુહાગ ।**
**'મીરા' રૌ ગિરિધર મિલ્યાં રી, પૂરન જનમરો ભાગ ॥**

મીરાએ સતી થવાની ના પાડી. આજે આપણે જે સ્ત્રી - જાગૃતિ અને નારી- ચેતનાની વાતો કરીએ છીએ તેની શરૂઆત કદાચ મીરાએ પાંચસો વર્ષ પહેલાં કરી હતી. તેણે સતીપ્રથાનો વિરોધ કરીને પોતાની આસ્થા, વિશ્વાસ અને મૂલ્યો અનુસાર જીવનને જીવવાનો હક માગ્યો અને મેળવ્યો.

સંવત ૧૫૮૪માં રાણા સંગ્રામસિંહ અને બાબર વચ્ચે ક્નોવામાં થયેલા ભયંકર યુદ્ધમાં મીરાના પિતા રાવ રત્નસિંહ અને કાકા રાવ રાયમલ વીરગતિ પામ્યા. સાથે જ આ યુદ્ધમાં મરણતોલ ઘવાયેલા મહારાણા સંગ્રામસિંહ પણ અમુક સમય પછી મૃત્યુ પામ્યા. ચિત્તોડની ગાદીએ આવેલા મહારાણા રત્નસિંહ પણ ઉદાર અને વીર તથા સમજુ હોવાથી મીરાને કોઈ તકલીફ પડી નહીં.


મહારાણા સાંગા (સંગ્રામસિંહ)એ મુસ્લિમ આક્રમણો સામે ટક્કર ઝીલવા અને રાજસ્થાનના પરસ્પર ઝઘડતા રહેતા રાજપૂતોમાં એકતા લાવવા અઠ્ઠાવીસ લગ્નો કર્યાં હતાં. તેમના અવસાન પછી તેમનું અંતઃપુર અનેક કાવાદાવાઓમાં સપડાયું. મહારાણા રત્નસિંહ મહાવીર હતા અને માળવા અને ગુજરાતના સુલતાનોને હરાવી ચૂક્યા હતા, પરંતુ રાજકીય પ્રપંચમાં તેમની હત્યા થઈ.

મહારાણા સાંગાની એક પત્ની કરમેતણ(હુમાયુને રાખડી મોકલનાર કર્મવતી) ના બે પુત્રો વિક્રમાદિત્ય અને ઉદયસિંહ (મહારાણા પ્રતાપના પિતા) હતા. રત્નસિંહ બાદ ગાદીએ આવેલો વિક્રમાદિત્ય, તેની માતા કર્મવતી અને બહેન ઉદા મીરાને અંતઃપુરમાં રહેલા બે પક્ષો પૈકી સામેના પક્ષનાં માનતાં હતાં. તેથી જ તેમણે મીરા પર અનેક જાતના ત્રાસ વરતાવવાનું શરુ કર્યું. તેમણે બહાનુ કાઢ્યું મીરાના કુલાચાર વિરોધી વર્તન, સાધુસંગ, નૃત્યો કરવાનું- વગેરે.

મીરા મહેલ છોડીને મીરાને એક ભૂતિયા ઘરમાં મોકલાયાં. તેમના સસરા દ્વારા અંગત ખર્ચ માટે અપાયેલ જાગીર પરત લઈ લીધી. ખર્ચ પર કાપ મૂકાયો. તેમની ચોકી કરવા સ્ત્રી-જાસૂસો રોકવામાં આવી.



## ગાંધીબુદ્ધ સ્વાધ્યાય કેન્દ્ર આયોજિત પ્રવૃત્તિઓ



- વર્ષ દરમ્યાન મીરા જીવન દર્શન પ્રકલ્પ વર્ષ અનુસંધાને વિવિધ સંસ્થાઓમાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધક સંખ્યા નીચે મુજબ છે.
- જૂન/જૂલાઈ દરમ્યાન પ્રત્યેક સંસ્થાઓમાં પ્રાર્થના સભામાં 'મીરા'ના જીવનની ઝાંખી કરાવી.
- ઓગસ્ટ માસ દરમ્યાન પ્રત્યેક સંસ્થાઓમાં મીરા જીવન વિશે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ જેમાં કુલ ૪૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- સપ્ટેમ્બર માસ દરમ્યાન પ્રત્યેક સંસ્થાઓનાં વિષયાનુરૂપ નિબંધ તથા હસ્તલિખિત અંકો તૈયાર કરવામાં આવેલા જેમાં કુલ ૪૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- ઑક્ટોબર માસમાં કાવ્ય / પદ / ભજન જેવી સ્પર્ધાઓ યોજાઈ જેમાં કુલ ૨૪૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- નવેમ્બર માસમાં પ્રસંગ કથન સ્પર્ધા યોજાઈ જેમાં ૪૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- ડિસેમ્બર માસમાં પ્રસંગ લેખન તથા ચિત્ર સ્પર્ધા યોજાઈ જેમાં કુલ ૧૬૮૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- જાન્યુઆરી માસમાં મીરા જીવન વિશેના વિવિધ પ્રોજેક્ટ બનાવ્યા જેમાં કુલ ૪૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- ફેબ્રુઆરી માસમાં ક્વિઝ 'મીરા જીવન' અનુસંધાને લીધેલ જેમાં કુલ ૧૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- તા. ૮-૩-૦૮ને શનિવારના દિવસે વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાઈ ગયો. જેમાં કુલ ૪૦૦ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવેલા.
  કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે આદરણીય શ્રી બકુલભાઈ બક્ષી તથા માનનીય ડૉ. સત્યવતીબેન ઝવેરીએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરેલા.
  કાર્યક્રમ વખતે મીરા વિષયક ચિત્રોનું પ્રદર્શન ભરવામાં આવેલ
  કાર્યક્રમ વખતે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો જેમાં મીરા પ્રેમદિવાની નૃત્યનાટિકા શ્રી રાજમણિ પ્રાથમિક શાળાએ રજૂ કરી અને ભજન સંધ્યા વિનયમંદિરે રજૂ કરેલ.
- તા.૯-૫-૦૭ શશીવન જહાંઆરા બાગ ઓપન એર થિયેટર ખાતે ''મીરા પ્રેમદિવાની'' નૃત્ય નાટિકા (અમદાવાદના) પ્રોફેશનલ કલાકારો દ્વારા રજૂ કરવામાં આવી જેમાં ૮૦૦ થી ૧૦૦૦ પ્રેક્ષકોએ નૃત્યનાટિકા નિહાળેલ અને આ રીતે સ્ટેજ શો કરીને સમાજમાં કેન્દ્રનો સંદેશો પ્રસારિત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો.







# મીરા કાવ્ય સર્જન


## સંદર્ભ સૂચિ

- **મીરાનું અધ્યાત્મદર્શન**
  લે. ભાણદેવ,
  પ્રવીણ પ્રકાશન,
  રાજકોટ (૨૦૦૭)
- **મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ**
  લે. ડૉ. રમેશ ત્રિવેદી,
  આદર્શ પ્રકાશન,
  અમદાવાદ (૨૦૦૭)
- **મીરાયન**
  (વર્ષ-૧, અંક-૨)
  મીરા સ્મૃતિ સંસ્થાન,
  ચિત્તૌડગઢ (રાજ.)
- **મીરાબાઈ** (અમર ચિત્રકથા)
  કમલા ચન્દ્રકાન્ત,
  બાલવિનોદ પ્રકાશન,
  અમદાવાદ (૨૦૦૧)






### મીરાનું કાવ્ય સર્જન :

મીરાની રચનાઓની સૌથી જૂની હસ્તપ્રત ઈ.સ.૧૮૫૬ની છે જે ડાકોરમાં સચવાયેલી છે. મીરાના કાવ્યસર્જનને મુખ્ય બે વિભાગમાં વહેંચી શકાય :(૧)દીર્ઘ કથાત્મક રચનાઓ અને (૨) પદો

### દીર્ઘ- કથાત્મક રચનાઓ :-

નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈને ત્યાં મામેરું લઈને મહેતા ગયા તે ઘટનાના આધારે 'નરસિંહ રો માહેરો' નામની ૫૪૪ લીટીમાં કથાકાવ્ય- કૃતિ રચી છે. તેની ભાષા મારવાડી-મિશ્રિત ગુજરાતી છે. મીરાનું પ્રખ્યાત ગીત 'સાંવરિયા પ્રીતિ નિભાવ્યો જી' આ કૃતિમાં છે. અન્ય 'સત્યભામાજીનો રૂસણો' નામે એંશી પંક્તિઓમાં ગરબીબંધમાં રચાયેલી એક રચના સંદિગ્ધ હોવાનું જણાય છે. મીરાની આ બંને કૃતિઓ કાવ્યતત્વની દૃષ્ટિએ સામાન્ય છાપ છોડે છે.

**પદ કાવ્યો :-** મીરાની એક કવયિત્રી તરીકેની ખ્યાતિ તેણે રચેલાં લગભગ અઢીસો જેટલાં 'પદ' તરીકે ઓળખાતાં ઊર્મિગીતો પર રહેલી છે. મીરા માટે કવિતા અનાયાસ તેના હૃદયના ઊંડાણમાંથી ધસમસતી આવે છે. ઊર્મિપ્રેરિત એ બધી સહજ-સરળ રચનાઓમાં કોઈ શબ્દચાતુર્ય-કરામતો નથી.એના કવનનો એકમાત્ર વિષય કૃષ્ણપ્રીતિ-કૃષ્ણભક્તિ છે છતાં અનુભૂતિની તીવ્રતા અને ગહનતા તેને હૃદયસ્પર્શી બનાવે છે.


અહીં તેમનાં કેટલાંક અત્યંત પ્રસિદ્ધ પદોની યાદી આપીએ છીએ.....

| | |
|---|---|
| (૧) હે રી મૈં તો પ્રેમદીવાની, | (૨) બસો મોરે નૈનન મેં નંદલાલ... |
| (૩) હરિ તુમ હરો જનકી ભીર... | (૪) પગ ઘૂંઘરું બાંધ મીરા નાચી રે... |
| (૫)જોગી... મત જા, મત જા | (૬) મુખડાની માયા લાગી રે... |
| (૭) ઝેર તો પીધાં છે જાણી-જાણી | (૮) હાં રે કોઈ માધવ લ્યો, માધવ લ્યો... |
| (૯) કાનુડો ન જાણે મારી પીડ... | (૧૦) પ્રેમની પ્રેમની પ્રેમની રે....... |
| (૧૧) નંદલાલ નહીં આવું.. | (૧૨) રામ રમકડું જડિયું... |
| (૧૩) વાગે છે રે વાગે છે... | (૧૪) ચાકર રાખો જી... |
| (૧૫) મુજ અબળાને મોટી... | (૧૬) રામ રાખે તેમ રહીએ |
| (૧૭) નહિ રે વીસારું હરિ... | (૧૮) જૂનું તો થયું કે દેવળ.... |
| (૧૯) ઓ રાણા, જીવનો... | (૨૦) મૈંતો સૉંવરે કે રંગ રાચી...... |

આ યાદી ઘણી લાંબી કરી શકાય પરંતું અહીં જગ્યાની મર્યાદાને લીધે તેમકરવું શક્ય નથી.

અંતે એમકહી શકાય કે મીરાનાં કાવ્યોથી મનુષ્યને પોતાના જીવનમાં પ્રબળ આધ્યાત્મિક ઊર્જા, અર્થપૂર્ણ જાગૃતિ અને નૂતન ચેતના પ્રાપ્ત થાય છે. મીરા એ ન તો કોઈ પંથ સ્વીકાર્યો કે ન તો સ્થાપ્યો છતાં તે તેમાં ઉન્નત જીવન મૂલ્યોને લીધે પ્રત્યેક જણની આસ્થા અને વિશ્વાસનું કેન્દ્ર બની છે. વાસ્તવમાં મીરાબાઈ સગુણ ભક્તિની એ દીપશિખા છે જેમાં આચાર્ય રામાનુજ, ગૌરાંગ ચૈતન્ય મહાપ્રભુ, જયદેવ, ચંડીદાસ, વલ્લભાચાર્ય જેવા ભક્ત સાધકોના ભક્તિરસના અત્યંત તેજસ્વી કિરણો સપ્તરંગી બનીને વિખેરાતાં રહે છે.

# કસોટીમાં કૃષ્ણસામીપ્ય



હીન બુદ્ધિના ઉદ્ધત વિક્રમાદિત્ય માતા અને બહેનની ચડવણીથી ભાન ભૂલ્યા અને મીરાને મારી નાખવા ઝેર ભરેલો કટોરો લઈને એક પૂજારીને મોકલ્યો. કૃષ્ણ ચરણામૃત છે તેવું કહી અપાયેલો એ કટોરો મીરા ગટગટાવી ગયાં.જો કે તેઓ જાણતાં જ હતાં કે આ ઝેર છે. મીરા માટે ઝેર જાણે કે અમૃત બની ગયું.

ઉઘાડાં પડી ગયેલાં કર્મવતી અને રાણાએ હવે બીજા રસ્તે મીરાનો કાંટો કાઢવાનું નક્કી કર્યું. બીજીવાર શાલિગ્રામ છે એમકહી કરંડીયામાં અત્યંત ઝેરી સાપ મોકલવામાં આવ્યો. અહીં પણ આશ્ચર્ય થયું. મીરાએ ભાવવિભોર થઈ પાત્ર ખોલતાં સાચે જ શાલિગ્રામ નીકળ્યા! આ ઘટનાએ નણંદ ઉદાબાઈને મીરા વિરોધીમાંથી મીરાભક્ત બનાવી દીધી.

અન્ય એક પ્રસંગે રાત્રે મીરા કોઈ પુરુષ સાથે વાત કરી રહી હોવાની ગુપ્તચરે આપેલી ખબરથી ક્રોધિત રાણો હાથમાં ખુલ્લી તલવાર સાથે દોડ્યો. મીરા તો પોતાના મોહન-ગિરિધર નાગર સાથે વાતો કરતી હતી. કહે છે કે રાણાને એકને બદલે ચાર-ચાર મીરા દેખાઈ. ભોંઠા પડી ગયેલા રાણાએ મીરાને સાધુઓનો સંગ અથવા ચિત્તોડ- બેમાંથી એક છોડી દેવા જણાવ્યું. મીરાનાં અનેક પદોમાં રાણાના આવા વ્યવહારના ઉલ્લેખ આવે છે.

**રાણા ભેજ્યો વિષરા પ્યાલો ચરણામૃત કર પી જાણા ।**
**કાલ નાગ પિટાર્યાં ભેજ્યો શાલગરામ પિછાણા ।।**

તથા

**વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાને હાથ ।**
**અમૃત જાણી મીરા પી ગયાં, જેને સહાય શ્રી વિશ્વનો નાથ ।**

તો વળી,

**ઝેર તો પીધાં છે જાણી - જાણી,**
**નથી રે પીધાં અજાણી......મેવાડના રાણા.**

મીરા પર ગુજારાતા ત્રાસના સમાચાર તેમના કાકા રાવ વિરમદેવજીને મળતાં તેઓ મીરાને મેડતા તેડી ગયા. આ બાજુ ગુજરાતના બાદશાહ બહાદુરશાહના આક્રમણથી મેવાડની પડતી થઈ. કર્મવતીએ હુમાયુને રાખડી મોકલી મદદ માગી.

વિક્રમાદિત્યની હત્યા તેના કાકાના અનૌરસ પુત્ર વનવીરે કરી રાજા બન્યો પરંતુ સરદારોએ તેની વિરુદ્ધ બળવો કરી ઉદયસિંહને ચિત્તોડના રાજા બનાવ્યા.

## વૃંદાવનમાં મીરા

મેડતામાં કૃષ્ણભક્તિમાં લીન મીરા માટે ત્યાં બાહ્ય આપત્તિ આવી. જોધપુરના રાજા રાવ માલદેવે મેડતા પર આક્રમણ કર્યું તેથી વિરમદેવે મેડતા છોડી અજમેર જવું પડ્યું. મીરા પણ તેમની સાથે જ હતાં. એક વર્ષ બાદ માલદેવે ફરી અજમેર પર આક્રમણ કરતાં તેઓએ અમરસર જવું પડ્યું.

આવી અનેક ઘટનાઓથી વ્યથિત થયેલાં મીરા પોતાની એકમાત્ર અંગત દાસી અને મિત્ર લલિતા સાથે વૃંદાવન ચાલ્યાં ગયાં. હૃદયથી કાયમની વૈરાગણ મીરા હવે સાચે જ સંન્યાસી બન્યાં.

વૃંદાવનની ધરતીમાં કૃષ્ણનું સામીપ્ય એમને ભાવવિભોર અને આનંદવિભોર કરી ગયું. તેઓ આ વાતાવરણમાં પ્રેમ અને આનંદના સાગરમાં ડૂબી ગયાં.

વૃંદાવનમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુના છ ગોસ્વામીઓ પૈકીના બે શ્રી જીવ ગોસ્વામી અને શ્રી રઘુનાથદાસજી ગોસ્વામી રહેતા હતા. તે પૈકી જીવ ગોસ્વામીનાં દર્શનની મીરાએ અનુમતિ માગતાં તેમણે જણાવ્યું કે તેઓ પુરુષ છે અને પ્રકૃતિ(સ્ત્રી) ને મળતા નથી. મીરાએ આના જવાબમાં શ્રીમદ્ ભાગવતનો સંદર્ભ આપી કહ્યું :


वासुदेवः पुमान् एकः स्त्रीमयम् इतरः जगत् ।

તેમણે લખ્યું.

**આજ લગી હું એમજાણતી, જે વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક;**
**વ્રજમાં વસી હજુ પુરુષ રહ્યા છો, તેમાં ધન્ય તમારો વિવેક.**

મીરાબાઈના આવા માર્મિક અને ગહન ઉત્તરથી શ્રી જીવ ગોસ્વામીને વિવેકભાન થયું અને તેઓ સામે ચાલીને તેમને મળવા ગયા. મીરા વૃંદાવનમાં જે એકાંત સ્થાને રહી ભજન કરતાં તે સ્થાને અત્યારે પણ એક શાલિગ્રામ છે જેનો આકાર ગૂંચળું વાળીને પડેલા સાપ જેવો છે.

## દ્વારિકા ગમન




વૃંદાવનથી મીરા દ્વારકા જવા નીકળ્યાં અને રસ્તામાં આમેરના રાજા પૂરણમલનાં રાણી પ્રતાપદે (મીરાનાં બાલસખી- તેઓ પણ મેડતાનાં જ હતાં) પાસે થોડોક સમય રોકાઈ દ્વારકા પહોંચ્યાં.

આ મહાન કૃષ્ણભક્તના દ્વારકામાં આગમનથી ત્યાંના પૂજારીઓ-આગેવાનો-રાજ્યકર્તાઓ ખૂબ ખુશ થયા અને તેમને પૂરતો આદર આપતા.

મેવાડ-મેડતામાં મીરા રાજસ્થાની બોલીમાં પદો રચતાં, વૃંદાવન નિવાસ દરમિયાન તેમણે વ્રજભાષામાં પદો રચ્યાં તો ગુજરાતમાં આવીને તેમણે ગુજરાતીમાં પદો રચ્યાં.



## પુનઃ સાંસારિક તેડું



આ બાજુ ચિત્તોડમાં રાણા ઉદયસિંહ તથા મેડતામાં મીરાના પિતરાઈ અને બાલસખા જયમલસિંહનું રાજ્ય સ્થિર થયું.

તેઓ બંને મીરાને થયેલા અન્યાયોથી દુઃખ અને ક્ષોભ અનુભવતા હોવાથી તથા મીરાના મેવાડ ત્યાગ બાદ અનેક વિપત્તિઓ આવી હોવાથી તેઓ મીરાને ચિત્તોડ પરત બોલાવવા માગતા હતા.

ડાહ્યા રાજવી ઉદયસિંહે (મહારાણા પ્રતાપના પિતા તથા ઉદેપુરના સ્થાપક) બ્રાહ્મણોને દ્વારકા મોકલ્યા અને તેમને સમજાવીને પાછાં લાવવાની તાકીદ કરી.

દ્વારિકા પહોંચેલા બ્રાહ્મણોની લાખ વિનવણી છતાં મીરાબાઈ તૈયાર ન થતાં બ્રાહ્મણોએ આખરી શસ્ત્રનો પ્રયોગ કરી જણાવ્યું કે, '' અમે ભૂખ્યા- તરસ્યા રહી અહીં જ પ્રાણ છોડીશું, પરંતુ તમને લીધા વગર ચિત્તોડ પાછા નહીં ફરીએ.''

ધર્મસંકટમાં પડેલાં મીરાએ કહ્યું કે દ્વારિકાનાથની અનુમતિ વગર હું દ્વારિકાની બહાર એક ડગલું પણ ન માંડી શકું.

બ્રાહ્મણોએ તેમને દ્વારિકાધીશની અનુમતિ લેવાનું જણાવ્યું.

**સોળે શણગાર સજી હાથમાં તાનપુરો અને મંજીરા લઈને ગીત ગાતાં દ્વારિકાધીશના મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશેલાં મીરાબાઈ ઘણા લાંબા સમય સુધી બહાર ન આવતાં બહાર ઉભેલી હજારોની મેદની આશ્ચર્ય અનુભવતી હતી પૂજારીએ દ્વાર ખોલ્યાં તો મીરાબાઈ મંદિરમાં નહોતાં. મૂર્તિના હાથમાં મીરાના પાલવનો એક છેડો સૌએ જોયો. કહેવાય છે કે મીરા પોતાના પ્રિયતમ ગિરિધર ગોપાલ સાથે એકાકાર થઈ ગયાં, મૂર્તિમાં ભળી ગયાં.**

આમ, મહાન ભક્ત કવયિત્રી મીરાનું જીવન કૃષ્ણપ્રેમરૂપી ગંગાની ધારા છે. આ પ્રેમગંગામાં સ્નાન કરનાર પ્રત્યેક જણ પાવન થશે તે ખાતરી છે.